ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૮.૦૫.૨૦૧૭**

**કોંગ્રેસમાં રહેલ ઉકળાટ અને કકળાટ મીડીયા દ્વારા ગુજરાતની જનતા જોઈ રહી છે.- શ્રી ભરતભાઈ પંડ્યા**

----------

## આંતરીક જૂથબંધી માટે મીડિયા અને ભાજપનો Propaganda (પ્રોપેગેન્ડા) છે, તેવું કોંગ્રેસનું કહેવું હાસ્યાસ્પદ છે.

----------

## વિધાનસભા ચૂંટણી પહેલાં જ 'કોંગ્રેસ આવે છે', હોર્ડીંગ્સ નહીં પરંતુ, કોંગ્રેસે 'કોંગ્રેસ જાય છે'. તેવા હોર્ડીંગ્સ લગાવવા પડશે.

----------

**યોજનાઓ, કાર્યક્રમો અને યાત્રાઓ દ્વારા અમે સીધા જનતાના સંપર્કમાં છીએ - શ્રી ભરતભાઈ પંડ્યા**

----------

કોંગ્રેસના આંતરીક જૂથબંધી માટે મીડિયા અને ભાજપનો Propaganda (પ્રોપેગેન્ડા) છે. તેવા આપેક્ષ સામે પ્રત્યાઘાત આપતાં ગુજરાત ભાજપા પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતુ કે, **કોંગ્રેસમાં રહેલો ઉકળાટ અને કક્ળાટ મીડિયા દ્વારા ગુજરાતની જનતા જોઈ રહી છે.** કોંગ્રેસમાં જૂથબંધીની પરાકાષ્ટા છે. કોંગ્રેસની દરિયાકિનારા બચાવો યાત્રામાં કોંગ્રેસની નાવ દરિયામાં જ ડૂબવા માંડી છે. ગુજરાતમાં ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસ આવે છે અને ચૂંટણી જાય છે ત્યારે કોંગ્રેસ જાય છે. પણ હવે સમાચારો પરથી લાગે છે કે વિધાનસભા ચૂંટણી પહેલાં જ **'કોંગ્રેસ આવે છે', હોર્ડીંગ્સ નહીં પરંતુ કોંગ્રેસે 'કોંગ્રેસ જાય છે'**. તેવા હોર્ડીંગ્સ લગાવવા પડશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની આગેવાની ૨૮થી વધુ કોંગ્રેસ ચૂંટણીઓ હારે એટલે સ્વાભાવિક છે કે કોંગ્રેસના કેટલાંક નેતાઓ રાહુલ ગાંધીની આગેવાનીમાં ચૂંટણી લડવા માંગતા ન હોય. કોંગ્રેસની હાર નિશ્ચિત હોય ત્યારે આવી માનસિકતા આવતી હોય છે. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ એક જગ્યાએ ભેગા થાય, કોંગ્રેસના શ્રી કામત તેમને મળવા જાય અને પ્રભારી તરીકે કોંગ્રેસ તેમને કાઢી મુકીને નવા પ્રભારીની નિમણૂંક કરવી પડે. કોંગ્રેસની બેઠકો માંથી કોઈ નેતા વ્હેલા બહાર નીકળી જાય, રાહુલ ગાંધી સાથે ગ્રુપમાં ફોટો ન પડાવે તેમજ કોંગ્રેસના કોઈ નેતા રાહુલ ગાંધીને સોશીયલ મીડિયામાં un-follow (અનફોલો) કરે, આદિવાસીઓની જાહેરસભા વખતે કોંગ્રેસી નેતા અમેરિકાના પ્રવાસે જતાં રહે અને દરિયા કિનારા બચાવ યાત્રામાં પ્રજા કયાંય જોડાઈ નહીં, એટલુ જ નહીં, કોંગ્રેસના કોઈ નેતાઓ કે કાર્યકર્તાઓ પણ ન જોડાણા અને હવે અત્યારે કોઈ નેતા વિવાદ સાથે ચીનના પ્રવાસે જતાં રહ્યા છે. **કોઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ બદલવાની વાત કરે છે અને અત્યારે કોંગ્રેસના વિપક્ષના નેતા કોણ બનશે તેનો ઝઘડો કોંગ્રેસમાં ચાલી રહ્યો છે.** આ બધો કોંગ્રેસનો આંતરીક મામલો ગુજરાત અને દેશની જનતા મીડિયા દ્વારા જોઈ રહી છે. આમાં મીડિયા કે ભાજપ પર Propaganda (પ્રોપેગેન્ડા)નો આક્ષેપ લગાવ્યો છે તે હાસ્યાસ્પદ છે.

... ૨ ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, અમે સામેથી કોઈ ધારાસભ્યના સંપર્કમાં નથી અમે યોજનાઓ, કાર્યક્રમો અને યાત્રાઓ દ્વારા સીધા જનતાના સંપર્કમાં છીએ. કોઈ ભાજપમાં જોડાવવા માંગતુ હશે તેઓ ભાજપની વિચારધારા સ્વીકારીને અને ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી થવા માંગતા હશે તો તેનો નિર્ણય પ્રદેશ કે કેન્દ્રનું નેતૃત્વ કરશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું કે, ભાજપ પોતાની સંગઠન શક્તિથી, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની રાજય સરકાર એમ બન્ને સરકારોના વિકાસ બળથી આગામી વિધાનસભા ચૂંટણી લડાશે. તેમાં જનતા જનાર્દન, જન સમર્થન, જનમતથી ભાજપ ૧૫૦ બેઠકો જીતશે એવો અમને વિશ્વાસ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ